ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

સમાચાર		મહત્તમ	લઘુતમ
	અંકલેશ્વર	૩૩.૦° સે.	૧૭.૦° સે.
	બારડોલી	૩૩.૦° સે.	૧૫.૦° સે.
	ભરૂચ	૩૩.૦° સે.	૧૬.૦° સે.
	વ્યારા	૩૩.૦° સે.	૧૫.૦° સે.

યુવાન સાથે સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યનો પ્રયાસ, પ્રતિકાર કરતાં શર્ટથી હાથ-પગ બાંધી ફેંકી દીધો!

કોસંબા નજીક રિક્ષા ધીમે ચલાવવા કહેતાં યુવાન સાથે બનેલી ઘટના, બે રિક્ષાચાલક સામે ફરિયાદ

હથોડાઃ કોસંબા-કીમ રોડ પર ચિકનની દુકાનેથી ઘરે જઈ રહેલા એક યુવાનને બે અજાણ્યા રિક્ષાચાલકોએ બાનમાં લઈ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરવાની માંગ કરી હતી. યુવાને પ્રતિકાર કરતાં તેને ઢોર માર મારી, તેના જ શર્ટ વડે હાથ-પગ બાંધી રોડ પર ફેંકી દેતાં સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી ગયો છે.

ઘટનાની વિગત મુજબ કુંવારદા ગામની નીલકંઠ સોસાયટીમાં રહેતો રવિરાજ (નામ બદલેલ છે) કીમની 'એવન ચિકન'ની દુકાનેથી કામ પતાવી મિત્રો સાથે રિક્ષામાં ઘરે પરત ફરી રહ્યો હતો. કઠોદરા પાસે મિત્રો ઊતરી જતાં રવિરાજ રિક્ષામાં એકલો હતો. કીમ ખાડી પુલ પાસે રિક્ષાચાલકને રિક્ષા ધીમે ચલાવવા કહેતાં પાછળ બેઠેલા ઈસમે રવિરાજને માથામાં ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ ચાલકે રિક્ષા રોડની સાઈડમાં ખુલ્લી જગ્યામાં ઊભી રાખી દીધી હતી. યુવાનના ખિસ્સા તપાસતા કંઈ ન મળતાં બંને અજાણ્યા શખ્સોએ તેની પાસે સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યની માંગ કરી હતી. યુવાને ઈનકાર કરી બૂમાબૂમ કરતાં ઉશ્કેરાયેલા શખ્સોએ તેનું શર્ટ કાઢી તેનાથી જ યુવાનના હાથ બાંધી તેને રોડ પર ફેંકી દીધો હતો. આ બનાવ અંગે ફરિયાદ કરવા ગયેલા યુવાનને હદ બાબતે કોસંબા અને કીમ પોલીસની ખેંચતાણમાં કલાકો સુધી હેરાન થવું પડ્યું હતું. અંતે કોસંબા પોલીસે ગુનો નોંધી બંને અજાણ્યા રિક્ષાચાલકોની શોધખોળ શરૂ કરી છે.

વ્યારાના ટીચકપુરામાં બાયોગેસ પ્લાન્ટ સામે ગ્રામજનોનો મોરચો

કામગીરી અટકાવવાની માંગ સાથે કલેક્ટરને રજૂઆત

વ્યારાઃ વ્યારાના ટીચકપુરા ગામે ખાનગી માલિકીની જમીનમાં ગામની પ્રાથમિક શાળા અને આંગણવાડી નજીક ગામના મધ્ય વિસ્તારમાં બની રહેલા બાયોગેસ પ્લાન્ટનો ગ્રામજનોમાં વિરોધનો સૂર ઊઠ્યો છે. જેને લઈને ગત રવિવારે ગ્રામજનોએ ટીચકપુરા ગ્રામ પંચાયત પર બાયોગેસ પ્લાન્ટની કામગીરી અટકાવવા માટે બેઠક પણ બોલાવવામાં આવી હતી અને રૂઢિગ્રામ અંતર્ગત ગામમાં કોઈ પણ ઠરાવ વિના બાયોગેસ પ્લાન્ટને મંજૂરી ન આપવાની હિલચાલ કરવામાં આવી હતી. જો કે, કોઈ ઠરાવ પસાર કરાયો ન હતો ત્યારે ગતરોજ ગ્રામજનોએ તાપી કલેક્ટર ડો.વિપિન ગર્ગને આવેદનપત્ર આપી બાયોગેસ પ્લાન્ટની કામગીરી તાત્કાલિક ધોરણે અટકાવવાની માંગ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટીચકપુરા ગામમાં હાલ જ્યાં બાયોગેસ પ્લાન્ટ તૈયાર થઈ રહ્યો છે જે જમીન અગાઉ ખેતીલાયક હતી. જેને તાપી જિલ્લા કલેક્ટર દ્વારા નોન એગ્રીકલ્ચર-NA કરવામાં આવી છે. બાયોગેસ પ્લાન્ટના માલિક દ્વારા જે તે સમયે સ્થાનિક ગ્રામ પંચાયત પાસે બાયોગેસ પ્લાન્ટની મંજૂરી લેતી વખતે પ્લાન્ટથી થનાર જાહેર આરોગ્યને નુકસાન તેમજ પર્યાવરણ તેમજ જાહેર સલામતી બાબતે વિગતવાર અને સ્પષ્ટ માહિતી પંચાયતને આપવામાં ન આવતાં ગ્રામજનોમાં પ્લાન્ટને લઈને વિરોધ કરી રહ્યા છે. હાલ પ્લાન્ટ પર ભૂગર્ભમાં કોંક્રીટના મોટા કૂવા-ડાઇ જેસ્ટ બનાવવામાં આવી રહ્યા છે. જેને જોઈને ગ્રામજનોને આ પ્લાન્ટ મોટા ઉદ્યોગ સ્તરનો બાયોગેસ પ્લાન્ટ હોવાની ગંધ આવતાં ગામના મધ્ય ભાગમાં બની રહેલ બાયોગેસ પ્લાન્ટને ગ્રામજનો કોઈ પણ સંજોગોમાં સ્થાપિત કરવા દેવાં માંગતા ન હોય ગ્રામજનોએ ગતરોજ કલેક્ટરને આવેદનપત્ર આપી તાત્કાલિક ધોરણે પ્લાન્ટ બનાવવાની હાલમાં ચાલતી કામગીરી બંધ કરવાની માંગ કરવામાં આવી છે.

ચોરોને મોજ: જોળવામાં એક જ રાતમાં 5 મકાનનાં તાળાં તૂટ્યાં

રોકડા, સોના-ચાંદીના દાગીના અને મોબાઇલ ફોનની ચોરી

પલસાણાઃ પલસાણાના જોળવા ગામમાં ગત રાત્રે તસ્કરોએ ભારે તરખાટ મચાવ્યો હતો. બેફામ બનેલા ચોરો એક જ રાતમાં કુલ પાંચ મકાનને નિશાન બનાવી રોકડ અને દાગીના સહિતની મતાની ચોરી કરી પલાયન થઈ જતાં સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે.

જોળવા ગામના બંસી પાર્ક વિસ્તારમાં આવેલી રાજ પેલેસ બિલ્ડિંગમાં તસ્કરોએ રીતસરનો કાળો કેર વર્તાવ્યો હતો. તસ્કરોએ આ બિલ્ડિંગના મકાન નંબર 10, 205, 305 અને 401 એમ કુલ ચાર મકાનોમાં પ્રવેશ કરી ઘરફોડ ચોરીને અંજામ આપ્યો હતો. આટલેથી ન અટકતાં તસ્કરોએ નીલકંઠ પેલેસ સોસાયટીના મકાન નં.B-105 સહિત કુલ પાંચ મકાનોને નિશાન બનાવ્યાં હતાં.

સ્થાનિકોના જણાવ્યા મુજબ તસ્કરો આ મકાનોમાંથી રોકડા, સોના-ચાંદીના દાગીના અને મોબાઇલ ફોન જેવો કીમતી મુદ્દામાલ ચોરી કરી ગયા છે.

ચોરીની આ સમગ્ર ઘટના દરમિયાન એક શંકાસ્પદ યુવક સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. ફૂટેજમાં દેખાતા આ શખ્સના આધારે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. એક જ રાતમાં સતત પાંચ મકાનોમાં ચોરી કરીને તસ્કરોએ પોલીસ પેટ્રોલિંગ સામે મોટા સવાલો ઊભા કર્યા છે. જાણે પોલીસનો કોઈ ભય ન હોય તેમ તસ્કરોએ બેફામ બની ચોરીને અંજામ આપતાં સ્થાનિકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટનાની જાણ થતા જ પલસાણા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કરી તસ્કરોનું પગેરું દબાવવા માટે વિવિધ દિશાઓમાં તપાસ હાથ ધરી છે.

કામરેજમાં યુવાન મરવા માટે નીકળ્યો, પોલીસે જીવ બચાવ્યો

ઘરકંકાસથી કંટાળી જઈ તાપી નદીના પુલ પરથી મોત વહાલું કરવાનું નક્કી કર્યું હતું

કામરેજઃ કામરેજમાં તાપી નદીના નવા પુલ પર ફરજ બજાવતા ટ્રાફિક પીએસઆઈની સતર્કતાને કારણે એક યુવકનો જીવ બચી ગયો હતો. ઘરકંકાસથી કંટાળીને મોતની છલાંગ લગાવવા ગયેલા યુવકને પોલીસે સમયસૂચકતા વાપરી ઉગારી લીધો હતો.

સુરત જિલ્લા ટ્રાફિક પીએસઆઈ ઈશ્વરસિંહ સિસોદીયા સવારે 9:15 કલાકે પોતાના સ્ટાફ સાથે કામરેજ તાપી પુલ પર પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન તેમની નજર એક યુવક પર પડી, જે બ્રિજની દીવાલ પર ચઢીને તાપી નદીના ઊંડા પાણીમાં કૂદકો મારવાની તૈયારી કરી રહ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા સમજી પીએસઆઈએ ત્વરિત બૂમો પાડી અને દોડી જઈને યુવકને આત્મહત્યા કરતા અટકાવ્યો હતો.

પોલીસની પૂછપરછમાં યુવકે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે, તે સતત થતા ઘરકંકાસ અને પારિવારિક તણાવથી કંટાળી ગયો હતો, જેના કારણે તેણે જીવન ટૂંકાવવાનો નિર્ણય લીધો હતો.

પીએસઆઈ સિસોદીયાએ માનવીય અભિગમ દાખવી યુવકને સાંત્વના આપી હતી અને તેનું યોગ્ય કાઉન્સેલિંગ કર્યું હતું. ત્યારબાદ, યુવકની સુરક્ષા અને આગળની કાર્યવાહી માટે તેને કામરેજ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.

સમયસર પહોંચીને એક અમૂલ્ય જીવ બચાવવા બદલ ટ્રાફિક પીએસઆઈ અને તેમની ટીમની સ્થાનિક લોકો અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા ભારે પ્રશંસા કરવામાં આવી રહી છે. ખાખીના આ સેવાકીય કાર્યએ ફરી એકવાર સાબિત કર્યું છે કે પોલીસ માત્ર કાયદો જાળવવાનું જ નહીં, પણ રક્ષક તરીકેનું પવિત્ર કાર્ય પણ કરે છે.

હલધરૂ પાસે એક્સપ્રેસ વે પર ટ્રક પાછળ ટ્રક અથડાતાં ક્લીનરનું મોત

કામરેજઃ પંચમહાલના વેજલપુરની મોડમદી સોસાયટીમાં રહેતા ઈલ્યાસ હુસેન મદારા પોતાની ટ્રક નં.(GJ 09 Z 6737) લઈને ક્લીનર અજીત સોલંકી સાથે જાંબુઘોડાથી રેતી ભરી વાપી જઈ રહ્યા હતા. કામરેજના હલધરૂ ગામ પાસે વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે પર એન્જિન ગરમ થઈ જતાં, તેઓ રોડની સાઈડમાં ઊભા રહી રેડિયેટરમાં પાણી નાંખી રહ્યા હતા. દરમિયાન પાછળથી પૂરઝડપે આવતી અન્ય એક ટ્રક નં.(GJ 12 BV 6753) ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બીજી ટ્રકના ચાલક અજય સાહુ (રહે., એમપી)ને સામાન્ય ઈજા થઈ હતી, જ્યારે તેના ૧૯ વર્ષીય ક્લીનર સુનીલ જયસ્વાલ (રહે.,કટઈ સિંગરોલી, મધ્યપ્રદેશ)નું ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યું હતું. કામરેજ પોલીસે આ મામલે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

માંડવીના તરસાડા ગામે રક્તદાન શિબિર

હિતેશ પટેલ

માંડવીઃ તરસાડાના રામજી મંદિર ખાતે વી.જે. વોરિયર્સ ગ્રુપ દ્વારા સ્વર્ગસ્થ મિત્ર વિજયસિંહ મહિડાના જન્મદિન નિમિત્તે 10મી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં તરસાડા તથા માંડવી સહિત આસપાસનાં ગામોના રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કુલ 83 યુનિટ રક્તદાન કર્યું હતું. આ રક્તદાન શિબિર છેલ્લાં 10 વર્ષથી સતત આયોજિત કરવામાં આવી રહી છે. જ્યાં બારડોલી સરદાર હોસ્પિટલની બ્લડ કલેક્શન વાન દ્વારા રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

આશ્રવા ગામમાં મોબાઈલ ચોરાયો

કુકરમુંડાઃ કુકરમુંડાના આશ્રવાગામ ખાતે મોબાઈલ ચોરી થતાં અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી બાબુભાઇ સાંગાભાઇ ભરવાડ (ઉ.વ.આ.આ ૪૦) (ધંધો-પશુપાલન) (રહે.,આશ્રવાગામ, તા.કુકરમુંડા, જિ.તાપી, મૂળ વતન-વડપાડા, શક્તિપાડા ફળિયું, તા.ઉમરપાડા, જિ.સુરત) દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ અનુસાર તા.૮/૧/૨૦૨૬ના રોજ રાત્રે ૧૦થી ૧૨ વાગ્યા દરમિયાન આશ્રવા ગામ ખાતે આવેલી ખુલ્લી જગ્યામાંથી કોઈ અજાણ્યો ચોર મોબાઈલ કિ.રૂ.૧૨,૯૯૯ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અંત્રોલી ગામમાં નશામુક્તિ રેલીનું આયોજન

પલસાણા, અંત્રોલીઃ અલથાણ અણુવ્રત સમિતિ દ્વારા અંત્રોલી ગામ સ્થિત એસ.જી. શ્રીમાળી સ્કૂલ ખાતે આજે નશામુક્તિ અંગે જનજાગૃતિ ફેલાવવા માટે ભવ્ય નશામુક્તિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી મુનિ મદનકુમારજી સ્વામીનાં પાવન સાંનિધ્યમાં યોજાઈ હતી. આ પ્રસંગે સ્કૂલના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના આરંભે સ્કૂલના ટ્રસ્ટી ગૌતમજી દ્વારા મુનિનું ભાવભર્યું સ્વાગત અને અભિનંદન કરવામાં આવ્યું હતું. સાથે જ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. મુનિ મદનકુમારજી સ્વામીએ પોતાના પ્રબોધનમાં વિદ્યાર્થીઓને નશાનાં દુષ્પરિણામો અંગે સરળ અને સમજાય તે રીતે માર્ગદર્શન આપ્યું હતું.

વાલોડની સ.ગો. હાઈસ્કૂલમાં કાર્યક્રમ

વાલોડઃ વાલોડ વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ.ગો. હાઇસ્કૂલ ખાતે ગત શનિવારે ભવ્ય સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. દીપકભાઈ ટીમરના પ્રમુખ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં દેશ-વિદેશમાં સ્થાયી થયેલા અંદાજે ૪ હજાર જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. નવસારીના જિલ્લા શિક્ષણાધિકારી અને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી જયદીપ મકવાણાએ ઉપસ્થિત રહી સંસ્મરણો તાજા કર્યાં હતાં. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના ગુરુજનોનાં આશીર્વાદ લીધાં અને જૂના વર્ગખંડોમાં જઈ બાળપણની યાદો જીવંત કરી હતી. મંડળના પ્રમુખ નરેશભાઈ પટેલે સૌનું સ્વાગત કર્યું હતું, જ્યારે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ શાળા પ્રત્યેનું ઋણ અદા કરવા ઉદાર હાથે દાન આપ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમો અને ભાવસભર માહોલ વચ્ચે યોજાયેલ આ સંગમની આભારવિધિ અશ્વિનભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી.

ઉંભેળ પાસે ટેમ્પો ક્લીનરનું અકસ્માત મોત

કામરેજઃ દિલ્હીના બખ્તાવરપુર ખાતે રહેતા સુરેન્દ્રકુમાર ચંદ્રસિંહ આઈસર ટેમ્પો નં.(HR 69 F 8852) પર ડ્રાઇવર તરીકે નોકરી કરે છે. તેમની સાથે ક્લીનર તરીકે જોગીન્દ્રસિંહ વેદરામ (ઉ.વ.54) ફરજ બજાવતા હતા. તેઓ ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદથી L&T કંપનીનો સામાન ભરી અંકલેશ્વર અને હજીરા ખાલી કરીને પરત આવ્યા હતા. ત્યારબાદ કામરેજના ઉંભેળ સ્થિત બજરંગ કોમ્પલેક્સમાં ટ્રાન્સપોર્ટ પાર્કિંગમાં ગાડી ઊભી રાખી ભાડાની રાહ જોતા હતા. રવિવારે રાત્રે 7 કલાકે સુરેન્દ્રકુમાર ટેમ્પોમાં રસોઈ બનાવતા હતા, ત્યારે ક્લીનર જોગીન્દ્રસિંહ 'ફ્રેશ થઈને આવું છું' તેમ કહીને ગયા હતા. પરંતુ હાઈવે પર કોઈ અજાણ્યા વાહને તેને અડફેટે લેતાં કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે કામરેજ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ધન્વંતરી કોલેજમાં સાયબર અવેરનેસ કાર્યક્રમ

કિરણ ઢોડિયા

કીમઃ કીમ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલી ધન્વંતરી કોલેજ ખાતે સાયબર અવેરનેસ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઓનલાઇન ફ્રોડ, ફિશિંગ, ફેક લિંક, ઓટીપી શેર ન કરવું, શંકાસ્પદ કોલ અને મેસેજથી સાવચેત રહેવા જેવા મુદ્દાઓ પર વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

બારડોલીના મોટી ફળોદ ગામે બે વર્ષની દીપડી પાંજરે પુરાઈ

શનિવારે બકરીનું મારણ કરતાં પાંજરું ગોઠવાયું હતું

બારડોલીઃ બારડોલીના મોટી ફળોદ ગામના ટેકરા ફળિયામાં શિકારની લાલચે એક બે વર્ષની દીપડી પાંજરે પુરાતાં સ્થાનિકોએ રાહત અનુભવી છે. ગામમાં ખેતમજૂરી અને બકરાં પાલન કરતા જીતેશભાઈ ભીખાભાઈ રાઠોડના પશુવાડામાં શનિવારે રાત્રે દીપડો ત્રાટક્યો હતો. મધ્ય રાત્રિએ બકરાનો અવાજ સાંભળી જીતેશભાઈ જાગી ગયા હતા અને લાઈટ ચાલુ કરતાં દીપડો એક ગાભણ બકરીને દબોચી બેઠો હતો. જીતેશભાઈએ બૂમાબૂમ કરતા દીપડો ભાગી છૂટ્યો હતો, પરંતુ ફરી હુમલાના ડરથી પરિવારે આખી રાત જાગીને વિતાવી હતી.

આ ઘટના અંગે જાગૃત નાગરિક હિરેનભાઈ ભાવસારે 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીન રાઠોડ અને તેન સામાજિક વનીકરણ રેંજના RFO સુધાબેન ચૌધરીને જાણ કરી હતી. વન વિભાગ દ્વારા તાત્કાલિક મારણ સાથે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. રવિવારે મોડી રાત્રે ૧:૨૯ કલાકે શિકારની લાલચે દીપડી પાંજરે પુરાઈ હતી. વન વિભાગના શૈલેષભાઈએ સ્થળ પર પહોંચી દીપડીનો કબજો મેળવ્યો હતો, જેને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવશે.

પલસાણાની દુર્ગા કોલોનીમાં રૂ.૨.૬૦ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

પલસાણાઃ પલસાણા પોલીસની ટીમે દુર્ગા કોલોનીમાં એક મકાનમાંથી 2.60 લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આ ગુનામાં પોલીસે એક આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

પલસાણા પોલીસને પલસાણા ગામની સીમમાં આવેલ દુર્ગા કોલોની ફળિયામાં રહેતા આકાશ ઉર્ફે લાલુ ઉક્કડભાઇ રાઠોડે વિદેશી દારૂનો જથ્થો મંગાવી પોતાના ઘરના પાછળના વાડામાં સંતાડ્યો છે એવી બાતમી મળી હતી. આથી પોલીસે દરોડો પાડતાં સ્થળ પરથી રૂ.૨,૬૦,૧૬૦નો દારૂ મળ્યો હતો. પોલીસના આ દરોડા દરમિયાન આરોપી આકાશ ઉર્ફે લાલુ ઉક્કડભાઇ રાઠોડ હાજર મળી ન આવતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

હિતેશ પટેલ

માંડવી નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં સહકાર પેનલનો વિજય

13,586માંથી 4,701નું મતદાન, આશિષ એસ.પટેલને 3,735 મત મળ્યા

માંડવીઃ માંડવી નાગરિક સહકારી બેંકની સામાન્ય ચૂંટણી 11 જાન્યુઆરીના રોજ યોજાઈ હતી. ચૂંટણીમાં કુલ 13,586 સભાસદમાંથી 4,701 મતદારોએ મતદાન કર્યું હતું, જેનું કુલ મતદાન પ્રમાણ 34.60 ટકા રહ્યું હતું.

બેંકના ડિરેક્ટર પદ માટે સામાન્ય બેઠકોમાં સહકાર પેનલના 15 ઉમેદવારો અને અન્ય 3 ઉમેદવારો મળી કુલ 18 ઉમેદવાર વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. પરિણામે સહકાર પેનલના તમામ ઉમેદવારોનો ભવ્ય વિજય નોંધાયો હતો.

આ ચૂંટણીમાં સૌથી વધુ મત એડ્વોકેટ અને નોટરી આશિષ પટેલને મળ્યા હતા, જેમણે કુલ 3,735 મત મેળવ્યા હતા અને પ્રથમ ક્રમે રહ્યા હતા. અનુસૂચિત જાતિ/જનજાતિ (SC/ST) કેટેગરીમાં સહકાર પેનલના જિગ્નેશ સોલંકીને 2,380 મત મળતાં ભવ્ય વિજય થયો હતો, જ્યારે અજીતભાઈ ચૌધરીને 2,014 મત મળ્યા હતા. કુલ 307 મત રદ જાહેર કરવામાં આવ્યા હતા. બોર્ડ ઓફ ડિરેક્ટર મહિલા અનામત બેઠક ભાવનાબેન પટેલ અને સુધાબેન ગામીત બિનહરીફ થયાં હતાં. ચૂંટણી અધિકારી આશુતોષ ઉપાધ્યાયની દેખરેખ હેઠળ તેમની ટીમ દ્વારા ચૂંટણીનું આયોજન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

વિજેતા બોર્ડ ઓફ ડિરેક્ટરો

આશિષ પટેલ (એડ્વોકેટ&નોટરી) - 3,735, કનૈયાલાલ પંચાલ-3682, વિજયચંદ્ર પાઠક-3,665, સંજયભાઈ પાઠક-3,634, જતીનભાઈ શાહ-3,623, પ્રતીક રબારી-3,573, ચંદ્રકાંત ભગતવાલા-3,548, આશિષકુમાર ઢીમ્મર-3,488, વર્ષેશભાઈ શાહ-3,488, જયેન્દ્રસિંહ સોંડચિયા-3,396, સચિન શર્મા-3,386, સંજીવકુમાર શાહ-3,365, આનંદકુમાર શાહ-3,213, સ્નેહલભાઈ મોદેરા-3,205, હાર્દિક શાહ-2,938

નવી પારડીમાં દીવાલ અને લિફ્ટ વચ્ચે માથું કચડાતાં યુવાનનું મોત

કામરેજઃ મૂળ રાજસ્થાનના ઝાલોર જિલ્લાના સાટવાડા ગામનો વતની ૧૮ વર્ષીય યુવક રોનક મંગેશ મેઘવાલ, અંદાજે એક માસ અગાઉ રોજગારીની શોધમાં તેના મામા પાસે કામરેજના નવી પારડી ગામે આવ્યો હતો. તે અહીં આવેલી 'શ્રીરામ બુટા કટિંગ ટેક્સટાઈલ' કંપનીમાં કાપડના તાકા લોડિંગ-અનલોડિંગનું કામ કરતો હતો. રવિવારે બપોરે અંદાજે ૨:૩૦ કલાકે રોનક, અન્ય શ્રમિક શૈલેષ મેઘવાલ અને ફેક્ટરી માલિક સાથે થ્રી-વ્હીલ ટેમ્પોમાં નવી પારડીની જ 'રૂષિકેશ ઈન્ડસ્ટ્રીઝ'માં આવેલી 'રૂદ્ર ફેશન' કંપનીમાં કાપડના તાકા લેવા માટે ગયા હતા. બપોરે ૩:૩૦ કલાકે રોનક જ્યારે પહેલા માળ પર હતો, ત્યારે ઉપરથી કાપડના તાકા ભરેલી લિફ્ટ નીચે આવી રહી હતી. લિફ્ટ નીચે આવતી વખતે રોનકે કુતૂહલવશ નીચે જોવા જતાં, લિફ્ટનો ભાગ તેના માથા સાથે જોરદાર ભટકાયો હતો. આ અકસ્માતમાં યુવાનનું માથું લિફ્ટ અને દીવાલ વચ્ચે દબાઈ જતાં તેને તાત્કાલિક સારવાર માટે ખોલવડની દીનબંધુ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે કામરેજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

ઉચ્છલમાં ઓનલાઇન છેતરપિંડીની ફરિયાદ

કુકરમુંડાઃ ઉચ્છલ પોલીસ સ્ટેશનમાં ઓનલાઇન છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. ફરિયાદી નાગાજણ કેશુભાઈ ઓડેદરા (ઉ.વ.55) (ધંધો-ડ્રાઇવિંગ) (રહે.,પોરબંદર) દ્વારા નોંધાયેલી ફરિયાદ મુજબ તા.19/12/2025ના રોજ મોજે ઉચ્છલ ખાતે આવેલ વીર વચ્છરાજ હોટેલ નજીક તેમના મોબાઇલમાંથી કોઈ રીતે પાસવર્ડ મેળવી રૂ.51,000ની રકમ ઓનલાઇન ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ બાબતે આરોપી પુનારામ નખતારામ (રહે.,રાજસ્થાન, હાલ મહુવા-ભાવનગર) સામે ગુનો નોંધી ઉચ્છલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

હિંડોલીયા ગામની યુવતી ગુમ

બારડોલીઃ મૂળ રાજસ્થાનના ભીલવાડાના આસીંદના મહેફલીયાસ ગામના વતની અને હાલ બારડોલીના હિંડોલીયા ખાતે સોહમ પેટ્રોલ પંપની બાજુમાં રહેતા લાદુલાલ જવારજી ગુર્જરની પુત્રી ગાયત્રી (ઉ.વ.૨૬) ગત તા.૪/૧/૨૦૨૬ના રોજ વહેલી સવારે ૪થી ૭:૩૦ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી કોઈને પણ જણાવ્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી. આ મામલે પિતા લાદુલાલ ગુર્જર બારડોલી રૂરલ પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે ગુમ જાણવા જોગ નોંધ કરી કાર્યવાહી હાથ ધરી છે.

સોનગઢમાં ઘરમાં મૂકેલા મંદિરને આગ લાગતાં અફરાતફરી

સોનગઢઃ સોનગઢના હાથી ફળિયા જીઇબી ઓફિસની સામેના વિસ્તારમાં રહેતા પ્રવીણભાઈના ઘરે સવારે 11 વાગ્યાના અરસામાં એક ઘરમાં આગી હતી. જો કે, નગરપાલિકાની ફાયરની ટીમને જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને આગને કાબૂમાં લેતાં મોટી દુર્ઘટના તળી હતી. ઘરમાં મૂકેલા દીવાના કારણે આગ લાગી હોવાનું અનુમાન સેવાઇ રહ્યું છે, જેમાં ઘરમાં મૂકેલા મંદિરનો થોડો ભાગ સળગી ગયો હતો.

ઉત્તરાયણને લઈ ભરૂચ જિલ્લામાં 108 સેવા સજ્જ

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં ઉત્તરાયણમાં ઇમરજન્સીને પહોંચી વળવા માટે ૧૦૮ ઇમરજન્સી મેડિકલ સર્વિસ દ્વારા વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. આ સમયગાળામાં છત ઉપર મોટી સંખ્યામાં લોકો એકત્ર થવા, માર્ગો પર વાહનવ્યવહાર વધવા તેમજ પતંગ દોરીના કારણે ઈજાના બનાવોમાં વધારો થતો હોય છે. છેલ્લાં ચારથી પાંચ વર્ષના આંકડાઓના આધારે ઉત્તરાયણ દરમિયાન ઇમરજન્સી કોલ્સમાં નોંધપાત્ર વધારો થતો હોવાનું સામે આવ્યું છે. આ સંભાવનાને ધ્યાનમાં રાખીને ભરૂચ જિલ્લાની 108 ઇમરજન્સી મેડિકલ સર્વિસ દ્વારા 14 અને 15 જાન્યુઆરી 2026ના રોજ સમગ્ર જિલ્લામાં 34 એમ્બ્યુલન્સ અને કુલ 140 કર્મચારીઓ તૈનાત રાખવામાં આવ્યા છે.